સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

નિવેદનીયા નેતાઓ થૂંક્યું, ચાટે તો સારું !
ગુનાઈતો કાયદા-કોર્ટને ગાંઠે તો સારું !
પીડાય પ્રજા-પ્રહ્લાદ હિરણ્યકશ્યપુઓથી -
પોકળ - પ્રચારનો આ સ્થંભ ફાટે તો સારું !!
(નૃસિંહ જયંતિ)

હાઈકુ

બતાવો તારા,
દાયકા પછીની જ
નાખો મુદ્દત !
(૨૦૨૫ સુધીમાં...)

કૈં નહીં તો ય !
પોલી પાયાવિધિઓ
તો પતાવો ભૈ !
('રણ' નીતિ)

ચિંતન

દંડો હિ વિજ્ઞાનેન પ્રણીયતે

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવાયેલ છે.

દંડનો પ્રયોગ વિવેકબુદ્ધિથી કરવો જોઈએ.

સજા ફટકારવામાં ન્યાયાધીશે વિવેકબુદ્ધિ વાપરવી જોઈએ. ક્યાંક એવું ના બને કે અપરાધીને ક્ષમા મળે અને બિચારો નિર્દોષ નાહકનો દંડાઈ જાય. આથે તેણે નાનામાં નાની, તુચ્છમાં યે તુચ્છ બાબતો પર શાંત ચિત્તે ઊંડો વિચાર કરી પોતાનો ચૂકાદો આપવો જોઈએ.

આજકાલ કોર્ટ-કાયદા-ન્યાય અને ચૂકાદા અને ચર્ચાસ્પદ બનતા જાય છે - કરોડપતિના પુત્રો - કલાકારો નિર્દોષ ગરીબ પ્રજાને કચડી નાખે - પશુઓના શિકાર કરે છતાં પણ 'ન્યાય' દંડ સંહિતાની દૃષ્ટિએ એ તદ્દન નિર્દોષ ઠરે છે અને ગરીબી - ભૂખમરાથી અન્યાયથી પીડાતી વ્યક્તિ આત્મહત્યાનો પ્રયત્ન કરે તો પણ દંડાય છે?!

સુવિચાર

- બુદ્ધિમાન અને વફાદાર મિત્રથી વધીને બીજો કોઈ સારો સંબંધી નથી - **ફ્રેંકલીન**
- અહંકાર હંમેશા પોતાનું ખોટું ના દેખાય એવો ધંધો કરે - **ડો. નીરુબેન અમીન**
- અપેક્ષા કે ઉપેક્ષા પર ધ્યાન નહીં આપો તો જીવન સ્વર્ગ જેવું બનશે - **એસ. ભટ્ટાચાર્ય**
- ખરાબમાં ખરાબ ને પણ સ્વીકારી લેવાથી મનની શાંતિ પ્રાપ્ત થઈ શકે છે - **ડો. વીજળીવાળા**
- આત્મવિશ્વાસ અને જવાબદારી વિનાની યોગ્યતા એક બોજ જેવી બની જાય છે - **મુંબઈ સમાચાર**
- ચાર જીવવા છતાં મરેલા છે : સદા પ્રવાસી, રોગી,
  માગીને ખાનાર અને પારકી તાબેદારી કરનાર - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : આદુનો રસને જૂના ગોળ સાથે લેવાથી શીળસ મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

તિબેટમાં મારપા નામના સંત થઈ ગયા. મારપા એકદમ સીધા સાદા ગુરુની આજ્ઞા પાળે અને સંયમી જીવન ગાળે. મારપા સાથે ભણતા બીજા શિષ્યોને મારપાની ઈર્ષ્યા આવે. એમને એમ પણ શંકા જાય કે આપણા ગુરુ આ મારપાને એમનો ઉત્તરાધિકારી બનાવશે. મારપાનો કાંટો કાઢવા એક શિષ્યે ભોળા મારપાને કહ્યું, 'ગુરુની આજ્ઞા છે કે જો તમે એમના પર શ્રદ્ધા હોય તો ઊંડી ખાઈમાં કૂદી પડવું.' મારપાએ ખાઈમાં ઝંપલાવ્યું. શિષ્યો બીજે રસ્તે ખાઈમાં મારપા મૃત મળી જશે એમ માની તળેટીમાં પહોંચ્યા ત્યાં મારપા એક વૃક્ષ નીચે સમાધિમાં બેઠેલાં જોયા.

એકવાર મારપા નદી પાર કરતો હતો ત્યારે પેલા ઈર્ષાળુ શિષ્યોએ કહ્યું, 'મારપા, શાસ્ત્રમાં કહ્યું છે કે જેની ગુરુ પર અતૂટ શ્રદ્ધા હોય છે તે પાણી પર ચાલી શકે છે, તું તારી શ્રદ્ધા પુરવાર કરી આપ!! મારાએ પાણીમાં ઝંપલાવ્યું અને આશ્ચર્ય સાથે મારપા પાણી પર ચાલીને નદી પાર કરી ગયો. આ વાત ગુરુના કાને પહોંચી અને ગુરુના મનમાં અહંકાર જાગ્યો.' ગુરુ નદી પાર કરતા વિચાર્યું કે જો મારા નામ પર મારપા પાણી પર ચાલી શક્યો હોય તો મારા માટે આ આવાત આસાન ગણાય. ગુરુએ શિષ્યોને કહ્યું, 'જુઓ મારા નામના મહિમાથી મારપા પાણી પર ચાલ્યો તો એ મારપાની ખૂબ નથી, મારા નામની તાકાત છે. આટલું બોલી ગુરુ પાણી પર ચાલવા ગયા, પણ ચાલવાને બદલે તેઓ તો ડૂબવા લાગ્યા અને મુશ્કેલીએ શિષ્યોએ ગુરુને ડૂબતા બચાવ્યા.' મારપા ગુરુના નામને પાણી પર ચાલ્યો નહોતો, પણ એની શ્રદ્ધા ને કારણે પાણી પર ચાલી શક્યો. ગુરુ કરતા શ્રદ્ધા મહાન છે.

બુદ્ધ : માનવજાતના શાશ્વત તારણહાર

પૂર્ણિમા માત્ર કોઈને કોઈ શુભ ઘટના સાથે સંકળાયેલી છે. પરંતુ વિશ્વને જીવનનાં દુઃખ દર્દોનું નિવારણ બતાવનાર તથાગત ગૌતમ બુદ્ધ સાથે વૈશાખી પૂર્ણિમા ત્રિવિધ સંદર્ભ ધરાવે છે. કપિલવસ્તુ નજીક લુમ્બિની વનમાં રાજકુમાર સિદ્ધાર્થનો જન્મ, બોધિવૃક્ષ નીચે ગયા નજીક થયેલ બોધિજ્ઞાન જેવી વિભૂતિના જીવનવની આ ત્રણે અગત્યની ઘટનાઓ વૈશાખી પૂર્ણિમાના પવિત્ર દિવસે સંપન્ન થઈ હતી. શરદપૂનમ ભગવાન કૃષ્ણના મહારાસની દિવ્ય ઘટના સાથે સંકળાયેલી છે, તો વળી આષાઢી પૂર્ણિમા સાથે ભગવાન બુદ્ધનું જીવન કાર્ય જોડાયેલું છે. તપ તપીને કૃશકાય બની ગયેલ, જગતનાં દુઃખોનું નિવારણ શોધવા પત્નીને એના નવજાત શિશુ સાથે અડધી રાત્રે ઊંઘતી મૂકી રાજમહેલ છોડી તપોવન ભણી મહાભિનિષ્ક્રમણ કરનાર રાજકુમાર સિદ્ધાર્થને રસ્તે પસાર થતી ગણિકાઓની વચ્ચે થઈ રહેલ સંવાદ કાને પડે છે અને એકાએક ચમકારો થાય છે : તારી વીણાના તાર એટલા તંગ ન કર કે એ તૂટી જાય અને એટલા ઢીલા પણ ન રાખ કે એમાંથી સૂર પ્રગટે જ નહીં. બસ, તેજીને આટલી ટકોર પૂરતી હતી. કઠોર તપશ્ચર્યા કરી દેહ પાડી દેવાથી કશું જ સિદ્ધ નહીં થાય એવું સમજાઈ જતાંની સાથે એમણે 'બુદ્ધત્વ પ્રાપ્ત કર્યું. જગતને મધ્યમ માર્ગનો ઉપદેશ આપ્યો. આ આખું જગત દુઃખમય છે પરંતુ એ દુઃખોના

તંત્રીસ્થાનેથી...

ડુંગરા વચ્ચે માણસે સમતાપૂર્વક જીવવાનું છે. ભગવાન બુદ્ધ વિશ્વશાંતિની ગુરુ ચાવી આપી દીધી. જીવ માત્ર પણ કરુણા વરસાવી ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી અને માંદા માણસને ઔષધ આપવાં એ જ સાચી પૂજા. એમણે તે સમયના હિંસક યજ્ઞો અને કર્મકાંડનો ખુલ્લો વિરોધ કરી જનસેવા એ જ પ્રભુસેવાનો ઉપદેશ આપ્યો. આજથી અઢી હજાર વર્ષ પૂર્વે સનાતન હિંદુ ધર્મમાં જે દૂષણો પ્રવેશ્યાં હતાં એનો એમણે સામી છાતીએ પ્રતિકાર કરી એક નવા સમજદાર સમાજની સ્થાપના કરી. રાજાના નિમંત્રણને બાજુએ મૂકી નગરવધૂ આમ્રપાલીનું આતિથ્ય સ્વીકાર્યું. અંગુલીમાલ જેવા ખૂંખાર ડાકુને કરુણા અને અહિંસાનો પરચો બતાવી પોતાના શિષ્યવૃંદમાં સામેલ કર્યો. બૌદ્ધ ધર્મ ભારતમાંથી વિસ્તરી દૂરસુદૂર એશિયાના વિશાળ પ્રદેશમાં વિસ્તર્યો. ચીન, જાપાન, શ્રીલંકા અને દક્ષિણ પૂર્વનાં ટાપુઓમાં ફેલાયેલા આ વિશ્વધર્મને આપણે જ જાકારો આપી દીધો. પરંતુ અઢી હજાર વર્ષ પછી એ જ બુદ્ધના પગલે ચાલવાનો આપણા બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે સંકલ્પ કર્યો. આજના પાવન દિને 'પંચશીલ' ના પુરસ્કર્તા અને માણસ માત્રમાં ભગવાન જોનારા એ મહાન ભારતીય આત્માનું સ્મરણ કરીએ. બુદ્ધની આંખો - બુદ્ધનાં ચક્ષુ'માંથી નીતરતી કરુણા જ જગતને તારી શકશે એવી પ્રતીતિ થઈ હશે ત્યારે જ સનાતન ધર્મે એમને વિષ્ણુના અવતાર તરીકે સ્વીકાર્યા હશે ને!

જેને રામ રાખે તેને કોણ ચાખે

સંજનાની પ્રસવ પીડા વધી રહી હતી. મોબાઈલમાં સિવિલ હોસ્પિટલના તાત્કાલિક સારવાર વિભાગને ટેલિફોન નંબર હતો. તેથી વાત કરી તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી લીધી. આમ તો આજકાલની છોકરીઓ સંયુક્ત કુટુંબની સિસ્ટમને સારી માનતી નથી. છતાં સંજયે સુવાવડ દરમિયાન કોઈ મુશ્કેલી ન પડે અને સારી રીતે દેખભાળ થઈ શખે તે માટે બે મહિના પહેલાં જ તેની મમ્મીને બોલાવી લીધી હતી. મમ્મીની સાથે પપ્પા પણ આવ્યા. તેથી તેને બહુ સહારો મળી ગયો.

પપ્પા ને ઘરે રાખ્યા. સંજનાને તેણે પ્રસુતિ વોર્ડમાં દાખલ કરી લીધી. રાતે મહિલા વોર્ડમાં પુરુષોને રહેવા દેવાતા નથી તેથી તે ઘેર આવતો રહ્યો. પણ તેનું મગજ ચેનથી બેસવા દે તેમ ન હતું. સવારે વહેલો હોસ્પિટલે આવી ગયો. થોડીવારમાં લગભગ પાંચ વાગ્યા. અચાનક બાળકના રડવાનો અવાજ સંભળાયો. અવાજ સાંભળતા જ સંજય રાજી રાજી થઈ ગયો. મમ્મીએ બહાર આવીને કહ્યું, 'બેટા, અભિનંદન, લક્ષ્મી પધાર્યા છે.'

સંજયના કાન બાળકનો અવાજ સાંભળવા બેતાબ હતા. દીકરી આવ્યાની જાણ મમ્મીએ કરી તેથી તે ખુશીથી ઝૂમી ઉઠ્યો.

'બહુ સરસ મમ્મી, મારી તો ઈચ્છા જ હતી કે સંજના ને પહેલી દીકરી જ થાય. જે માંની સાહેલી બને, દાદીની લાડલી અને દાદાની આંગળી પકી તેમને બ્લડપ્રેસરની દવા સમયસર લેવા ધમકાવે. અને મારી છત્રછાયા બને કેટલા બધા વિચારો અત્યારે તેના મન મસ્તિષ્કમાં ચક્રાવા લેતા હતા.'

બાળકી માટેનાં નાના નાના કપડાં અને ઝબલા ની બેગ સંજય પાસે હતી. તે લઈ મમ્મીએ લેબરરૂમમાં પહોંચાડી દીધી. દીકીર અવતરી છે તેની જાણ સંજયે તેના પપ્પાને ટેલિફોનથી કરી. કુટુંબમાં સૌ કોઈ ખુશ હતો. કોઈને જરા પણ અફસોસ ન હતો. બે દિવસ બાદ સંજના હોસ્પિટલથી ઘેર આવી ગઈ.

છઠ્ઠીનું પૂજન અને વિધિવિધાન કર્યા બાદ સંજયે એક નાની પાર્ટીનું આયોજન કર્યું. સંજયની બહેન સુલોચના પણ આવી તેણે નાની સુંદર દિકરીનું નામ હેતથી શીતલ રાખ્યું. સંજનાએ સહર્ષ તે સ્વીકારી લીધું. ધીરે ધીરે તે મોટી થવા લાગી. પરંતુ બે વર્ષ પછી સંજનાના પેટમાં બીજો ગર્ભ કયારે રહી ગયો તેનો ખ્યાલ ન જ રહ્યો. ત્રણ મહિના સુધી માસિક ન આવતાં ચિંતા થઈ.

'સંજય, તું બીજા બાળકનો પિતા થવાનો છે. જો જે આ વખતે દીકરો જ થશે.' સંજનાએ કહ્યું ત્યારે સંજયે તેનું માથું ચૂમી લીધું. બંને એ એકબીજાના હાથમાં હાથ લઈ લીધો.

'મારી પણ ઈચ્છા તો છે, બાકી બધું ભગવાનના હાથમાં છે. તેના પર કોઈનું નિયંત્રણ નથી.' સંજય બોલ્યો. સંજનાનું મોં ઊતરી ગયું. તે બોલી 'શહેરમાં ઘણા બધા એવા ડૉકટરો છે જે ભ્રૂણપરિક્ષણ કરે છે. આપણે પરિક્ષણ કરાવી લઈએ.' સંજયે ભારે મનથી સહમતી આપી. તે ઓફિસે ગયો અને એક દિવસની આકસ્મિત રજા મંજૂર કરાવી.

બીજા દિવસે મોટર સાયકલ લઈ બંને શહેરના ખુબ જાણીતા ડૉકટરના ક્લિનિલ પર પહોંચી ગયા. સહાયકે નંબરની ચિઠ્ઠી આપી અને વારો આવવાની રાહ જોતાં બંને બેઠાં. સવા કલાક પછી નંબર આવ્યો.

'ડૉકટર અમારે એક દીકરી પહેલેથી છે હવે અમારે દીકરો જોઈએ છીએ. દીકરી નહીં' સંજયે કહ્યું. ડૉકટરે સમજાવ્યું કે કુદરતે દીકરા-દીકરીને એકસરખાં બનાવ્યા છે. તેમાં ભેદભાવ કરનારા તમે કોણ ? પરંતુ બંનેમાંથી કોઈ માનવા તૈયાર ન હતા. છેવટે મજબુરીથી ડૉકટરને ભ્રૂણ પરિક્ષણની પ્રક્રિયા પૂર્ણ કરવી પડી. બે દિવસ પછી ભ્રૂણ પરિક્ષણનો રીપોર્ટ આવ્યો, તે જોઈ બંને ના પગ નીચેની ધરતી સરકી ગઈ. કેમ કે ભ્રૂણ કન્યાનું હતું.

બંને નકારાત્મક રીતે વિચારવા લાગ્યા. સંજય કંઈ બોલે તે પહેલાં સંજના બોલી પડી. 'ડૉકટર તમે ગર્ભપાત કરી દો. વંશનો વારસ અમારે તો દીકરો જ જોઈએ. પિતાને પહેલાં કાંધ દીકરો જ આપે.'

'તમે કયા યુગમાં જીવો છો? આજકાલ તો દીકરાઓ પણ સ્મશાને જવા લાગી છે અને તમે કહો છો કે દીકરો જ પિતાને કાંધ આપે.' ડૉકટરે કહ્યું.

ડૉકટર પર દબાણ વધારતાં છેવટે ડૉકટરે તેમની વાત સ્વીકારી અને એક ફોર્મ ભરી આપવા કહ્યું સંજયે તુરંત ફોર્મ પર સહરી કરી આપી. ઈન્જેકશન બહારથી ખરીદી લાવવા માટે ડૉકટરે કાગળના ટૂકડા પર લખી આપ્યું. ચાર દિવસ સુધી દવા લીધી. સંજનાને કોઈ ફરક પડ્યો નહીં. ડૉકટરે આગળ ઈલાજ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી અને કહ્યું કે, 'હવે

અનુસંધાન પાના નં. ૭ પર

પ્રેમમાં લાગણી અને સમજણ

જાણીતા અમેરિકન ભાષાશાસ્ત્રી, ધારાશાસ્ત્રી અને ચિંતક-લેખક નોમ ચોમ્સ્કી (૧૯૨૮)એ એક વાર લખ્યું હતું કે "તર્ક અને મનોવિજ્ઞાન મારા રસના વિષયો રહ્યાં છે, પરંતુ પ્રેમ એ તર્કથી ઉપરનો વિષય છે. પ્રેમ માત્ર અનુભૂતિનો વિષય છે. એમાં તર્કને કોઈ સ્થાન હોઈ શકે નહીં. પ્રેમ ખુદ એક મનોવિજ્ઞાન છે. એક સાથી પોતાના પ્રિયજનને યોગ્ય રીતે સમજી શકે એનાથી મોટી કોઈ વાત નથી. પ્રેમમાં

પ્રેમની ઈમારતના ચાર પાયા ખુબ મહત્વના છે : (૧) વિશ્વાસ, (૨) સમર્પણ, (૩) આદર અને (૪) કાળજી. આ ચાર પાયા ઉપર જ પ્રેમની ઈમારત બુલંદ બનતી હોય છે અને મજબુત રીતે ટકી રહેતી હોય છે, એમાંથી જો એક પણ પાયો હલ્યો અથવા ડગમગ્યો કે તરત પ્રેમનું મરણ થઈ જતું હોય છે

દિલ અને મન બેઉને સમજવાનાં હોય છે તથા અપનાવવાનાં હોય છે."

ખરેખર પ્રેમને સમજવાનો ખરો, પરંતુ એ તો અનુભૂતિનો વિષય છે. ઓશોએ પણ એક વાર કહ્યું હતું કે પ્રેમને અને પ્રિયજનને તમે ચાહો અને ભરપુર ચાહો. જો તમે પ્રેમને અને પ્રિયજનને સમજવા જશો તો એમાં કદાચ તમે થાપ પણ ખાઈ જશો. તમારી જિંદગીનો બધો જ સમય તમારા પ્રિયજનને ચાહવામાં પસાર થવાના બદલે માત્ર એને સમજવામાં જ નીકળી જાય એવું ન બનવું જોઈએ. પ્રિયજનને સમજવાની પણ એટલી જ જરુર છે. પરંતુ જો સમજવામાં ને સમજવામાં રહેશો તો તમારી પાસે પ્રેમ કરવા માટેનો સમય પણ નહીં રહે. તમારું મન પ્રિયજનને ચાહવામાં અને સમજવામાં એકસમાનરુપ હોવું જોઈએ.

પ્રેમમાં લાગણી અને સમજણની જરુર છે. પ્રેમ એ તર્ક કે બુદ્ધિનો વિષય નથી. પ્રિયજન સાથે પ્રેમના બદલે બીજું કશુંક વચ્ચે આવી જાય તો ટકરાવ થાય, ટક્કર થાય અને પ્રેમ બાજુ ઉપર રહી જાય એવું બને. આવું બનવા પાછળ સમજણની ગેરહાજરી હોય છે. જો પ્રિયજન વચ્ચે પ્રેમના સ્થાને એકમેકના અહમ્, સત્તા, હોદ્દો, સંપત્તિ યા વૈભવ કે બીજા મુદ્દાઓનો ભેદભાવ આવી જાય તો પછી પ્રેમ ગાયબ થઈ જાય છે. પ્રેમમાં માત્ર પ્રેમ જ હોવો જોઈએ અને એવા લાગણીભર્યા સંબંધમાં અહમના ટકરાવને કોઈ સ્થાન હોવું જોઈએ નહીં.

એક સમાન પ્રોફેશનમાં કાર્ય કરતા હોય તેવા પ્રિયજનોમાં મોટા ભાગે અહમનો ટકરાવ થતો જોવા મળતો હોય છે. બધા કિસ્સામાં એવું ન પણ હોય. પરંતુ કપલમાં બેઉ વ્યક્તિ ડોક્ટર હોય ત્યારે જેમની આવક વધુ તે ગુરુતાગ્રંથિ રાખે અને જેની આવક પોતાના પ્રિયજનની આવકના પ્રમાણમાં ઓછી હોય તેને સતત માનસિક દબાવ આપવામાં આવે કે જેથી તે લઘુતાગ્રંથિ અનુભવી રહે, ત્યારે આવા સંબંધમાં પ્રેમ અદ્રશ્ય થવા માંડે છે. ડોક્ટર હોય કે પ્રાધ્યાપક હોય કે એવા જ ઉમદા ક્ષેત્રમાં વ્યસ્ત કારકિર્દી હોય તેવાં કપલ્સમાં પણ પ્રેમના સ્થાને અહમનો ટકરાવ ક્યારેક સંબંધની નાજુક નમણી વેલને સૂકવી નાખે છે.

પ્રેમમાં માત્ર એકમેક તરફનો સ્વીકાર અને આદર હોય એ જ મહત્વનું છે. પ્રેમમાં કોઈ જાતના ભેદભાવ કે અપેક્ષા યા માગણી કે લાલચ કે કશુંક મેળવી લેવાની, પામી લેવાની વૃત્તિ હંમેશા પ્રેમમાં નિરાશા જ અપાવશે. પ્રેમમાં માત્ર પ્રેમ જ આપવાનો હોય છે. પ્રેમ આપીને પાછો પ્રેમ માગવાનો હોતો નથી. માગવાનું નામ પ્રેમ નહીં. માત્ર આપ્યા કરવાનું નામ પ્રેમ. પ્રેમનું ઝરણું કદી સૂકાવું જોઈએ નહીં.

પ્રેમમાં જો કશુંક મેળવી લેવાની વૃત્તિ હશે તો પ્રેમનું આ ઝરણું સૂકાતું જશે. એમ બનશે ત્યારે પ્રેમ પ્રાપ્ત થઈ શકશે નહીં. પ્રેમમાં કોઈ પણ પ્રકારની આશા-અપેક્ષાઓને સ્થાન હોઈ શકે નહીં. એ જ વાત જરા જુદી રીતે કહીએ તો કોઈ પણ પ્રકારની આશા યા અપેક્ષાઓ રાખીને બાંધવામાં આવેલા સંબંધને પ્રેમનું નામ આપી શકાય નહીં. જ્યાં ગિવ એન્ડ ટેક પોલિસી હોય ત્યાં પ્રેમ કદીય સંભવી શકે નહીં.

પ્રેમની ઈમારતના ચાર પાયા ખુબ મહત્વના છેઃ (૧) વિશ્વાસ, (૨) સમર્પણ, (૩) આદર અને (૪) કાળજી. આ ચાર પાયા ઉપર જ પ્રેમની ઈમારત બુલંદ બનતી હોય છે અને મજબુત રીતે ટકી રહેતી હોય છે. એમાંથી જો એક પણ પાયો હલ્યો અથવા ડગમગ્યો કે તરત પ્રેમનું મરણ થઈ જતું હોય છે. પ્રેમ વરાળ બનીને ઊડી જતો હોય છે. પ્રેમ વિનાનો સંબંધ પછી એક જીવતી લાશ જેવો બની રહે છે. એમાં ચેતનાનો સંચાર હોતો નથી કે ઉષ્મા અથવા સુષ્મા પણ રહેતી નથી.

સ્ટોપરઃ-

"પ્રેમ એટલે વિશ્વાસ અને પ્રેમ એટલે સમર્પણ. એ વિના બધું નકામું."

—મોરારિ બાપુ

અરીસાને ફલાઈંગ કીસ...!! બિન્દાસ અને ખુશખુશાલ રહેનારાથી લોકો બળે છે...!!

'જે પોતાની જાતને પ્રેમ કરતો નથી એને જગત પ્રેમ કરતું નથી.' આવું ગોપાલ કાયમ એના શિષ્યોને કહેતો. પણ ગોપાલ જેને શિષ્યો માનતો, એ એમને ગુરુ માનતા ન હોવાથી કશું ગણકારતાં નહીં, જે પોતાની જાત પર પ્રેમ કરે એ લોકો ગોપાલને કાયમ ગમતાં, હવે એમનો ભાઈ જ લઈલોને...

ગોપાલનો ભાઈ રોજ સવારે ઘરેથી બહાર જવા નીકળે ત્યારે મોજાં પહેરતાં પહેલાં પોતાનાં જ પગે લાગે. છેલ્લા કેટલાંક વર્ષોથી આ એનો નિત્યક્રમ... એ કાયમ એવું માનતો કે આ મોજા પહેર્યા વગરના પગ એ એના પવિત્ર ચરણ છે અને રોજ શ્રદ્ધાથી ચરણસ્પર્શ કરીને એ કૃતજ્ઞ થાય છે. એને ઘરમાં અને મિત્રોએ ઘણીવાર સમજાવ્યો કે ભઈલા આપણાં દેશમાં જોઈએ એટલાં ગુરુ-સાધુ-મંદિરો છે. કોઈકના પગ પકડને? કોઈ ભગવાનને પગે લાગીને બહાર નીકળ ને? પણ એ કોઈનું સાંભળતો નથી. 'કોઈના પગે લાગવું એનાં કરતાં તો હું જ શું ખોટો છું?' એવો એનો યુક્તિવાદ છે. એની ૩૫-૩૬ વર્ષની ઉંમરમાં એની જિંદગીમાં એક જ અલૌકિક વ્યક્તિ આવી છે, અને તે એટલે એ ખુદ, અને એટલે પોતાની જાતને પ્રણઆમ કરે છે!

ગોપાલના એક શિષ્યએ કીધું કે, 'હું કયારેક ડાન્સબારમાં જઈશ નહીં.' એ એવી રીતે કહેતો હતો, જાણે સરકારે જેમ આધાર કાર્ડ ફરજિયાત કર્યું એમ ડાન્સબાર પણ ફરજિયાત હોય. છતાંય ગોપાલે પુછી લીધું, 'કેમ ભાઈ? કેમ નહીં જાય? જવું જોઈએ, સુંદર સુંદર કન્યાઓ નૃત્ય કરતી હોય, આપણે રાજી થઈ જઈએ...' એણે વચ્ચેથી વાત કાપતાં કહ્યું, 'ના હોં! આપણું શું કામ ? આપણે તો કયારેક બીજા પર ખુશ થતાં જ નથી. આપણે તો આપણી જાત પર જ ખુશ થઈએ છીએ. હવે હું જો ડાન્સબારમાં જઈને જાતે ને જાતે મારાં પર નોટો ઉડાળું તો બાકીના લોકોને કેટલી તકલીફ પડે ! અને ધારો કે ત્યાંના લોકો પણ ખુશ થઈને મારા પર નોટો ઉડાળે, તો મને કેટલું ઓકવર્ડ લાગે?' એની આ મૌલિક માહિતીથી ગોપાલ ડઘાઈ ગયો.

હમણાં ગુરુ ગોપાલને સચિવાલય જવાનું હતું. ત્યાં એક અધિકારીએ એમનું વિઝિટિંગ કાર્ડ આપ્યું. એ સાહેબના નામ આગળ 'માનનીય' એવું છાપેલું હતું. એ કાર્ડ આપતી વખતે એ સાહેબના ચહેરા પર કોઈ વિશિષ્ટ ભાવ નહોતા. ગોપાલે કુતૂહલ ટાળવા પુછી જ લીધું, 'સાહેબ, કંઈ પ્રિન્ટિંગ મિસ્ટેક નથી ને ? જાતે ને જાતે જ માનનીય ?'

આપ જેને મન ભરી જોયા કરો,
એ અરીસો આપમાં તલ્લીન છે.
એક માણસ ક્યાંય ઘરડો ના થયો,
વાળ ધોળા, કાંસ કો રંગીન છે!
- ભાવિન ગોપાણી

જુઓ ભાઈ આ ઑફિસ અને એરિયાનો હું બહું મહત્ત્વનો માણસ છું. આજુબાજુના લોકો મને મારાં કામ અને સેવાભાવી સ્વભાવને કારણે ખુબ સન્માન આપે છે. જયારે કોઈ નવી ઓળખાણ થાય ત્યારે એને કયાં આ બધું કહેવા બેસવું ? એના કરતાં આ બેસ્ટ આઈડિયા, જાતે ન નામ પહેલાં 'માનનીય' છાપી લીધું જેથી કોઈ તકલીફ નહીં !

પોતાની પ્રસિદ્ધિ જાતે જ કરવાના આ દેશમાં ગોપાલ કાયમ એના લેખની લીંક એના મિત્રો અને સોશિયલ મીડિયામાં શેર કરતો. લોકો એ વાંચીને 'અરે વાહ', 'ખુબ સરસ', 'મજા પડી' જેવી કોમેન્ટ્સ આપતાં. એકવાર એણે અખતરો કરતા એનાં એક લેખની લીંક મુકી અને સાથે લખ્યું, 'આ મારો એક જોરદાર લેખ છે. વાંચીને તમે ખુશ જ ખુશ થશો.' બસ આટલું લખતાં રીડરો ભડક્યાં. 'આ શું રીત છે ? અમે વાંચીશું, સારું લાગશે તો કહીશું, જાતે જ પોતાના લેખનાં વખાણ ?' એ પર ગોપાલે લખ્યું, 'અરે મને લાગ્યું કે આ લેખ જોરદાર છે, હું બહું સરસ જ લખું છું. તમે વાંચ્યા બાદ 'અરે વાહ' લખો એનાં કરતાં મેં જ તમને કહ્યું એમાં આટલું અકળાવાનું ?'

ગોપાલનું માનવું છે કે જે પોતાની જાત પર બિન્દાસ અને ખુશખુશાલ છે એનાથી લોકો બળે છે. ઈર્ષા કરે છે, 'કેવો સાલો આનંદી કાગડા જેવો છે ?' એવા મ્હેણાંય મારે છે. સામાન્ય રીતે વિશ્વમાં જો કોઈ કોઈના પર નારાજ થતું હોય તો તે પોતાની જાત પર જ થતાં હોય છે. એમનાથી ભૂલ થાય છે, કયારેક તો એ ભૂલો વારંવાર થાય છે. કુદરત પણ એમને એવા ખેલ બતોવ છે કે કાયમ હાસ્યાસ્પદ પરિસ્થિતિમાં મુકાઈ જતા હોય છે. પેલા ખુશખુશાલને કાયમ એક્કો-રાજા આવે ત્યારે પેલા દુઃખી આત્માઓના હાથમાં દૂરી-તીરી આવતી હોય છે. શું કરીએ તો આપણને પ્રતિષ્ઠા મળે ? આપણને મહત્ત્વ અને માનસન્માન આપે ?

એવા વિચારમાં કલાકો ખર્ચે છે. પછી નિષ્કર્ષ લગાડે છે કે આપણે હજુ ઘણી મહેનત કરવી પડશે. પોતાની જાતને જ દોષ આપે છે. પોતાની જાતને સુધારવામાં લાગેલા રહે છે. અને જો એમાં કોઈ નિજાનંદ કરતો ખુશખુશાલ દેખાય તો પછી એની ઈર્ષા કરીને શેર લોહી બાળી નાંખે છે !

નાના પાટેકરનાં 'ક્રાંતિવીર' પિકચરમાં વિજય આનંદ નામનો કલાકાર હોટેલનો માલિક બતાવ્યો છે. જે ઑફિસમાં આવ્યા બાદ અરીસા સામે ઊભા રહીને પોતાની જ અગરબત્તીથી આરતી ઉતારે છે. અને પોતાના સામે જ નતમસ્તક થઈને પ્રણામ કરે છે. પોતાની જાત પર પ્રેમ કરવાનું વર્ણન કરવા આનાથી સરસ બીજો કયો સીન હોઈ શકે ? આવો જ સુંદર ડાયલોક 'જબ વી મેટ' ફિલ્મમાં કરિના કપૂર કહે છે, 'મેં તો મેરી હી ફેવરીટ હું', વાહ ! શું ડાયલોગ છે. પોતાની જાતે ચાહવાની વાત કેટલી મસ્ત છે. ગોપાલની બીજી એક શિષ્યા રોજ સવારે ઘરેથી બહાર નીકળે ત્યારે અરીસા સામે પોતી જાતે જોઈ પોતાને જ ફલાઈંગ કીસ આપીને ખુશખુશાલ બહાર નીકળે છે. પોતાની જાત પર ખુશ થનારા લોકો મજેદાર હોય છે.

ગોપાલના જ્ઞાન પ્રમાણે પોતાની જાત પર ખુશ થનારાએ ભારતીય તત્ત્વજ્ઞાનના પાયામાં છે. 'હું કોણ ?' અને 'મારી ઓકાત શું ?' આવા પ્રશ્નો પ્રત્યેક દશકામાં સૌને થયાં છે અને જો ના થયાં હોય તો એ પ્રશ્ન ઊભા કરવાં ધર્મ અને ધર્મગુરુ તત્પર જ હોય છે. કંઈ પણ તકલીફ ન હોય તોય પોતાની જાતને ઓછી આંકીને, પોતાની જાતનો આત્મશોધ કરવાનો બધાંનો શોખ હોય છે. થોડોક આર્થિક સધ્ધર થાય અથવા સાવ પાયમાલ થાય એટલે માણસ ડોફળાઈ જાય છે?

જો તમે તમારી જાતે 'અહં બ્રહ્માસ્મિ' સમજી શકતાં હોય તો આ દુનિયાના શ્રેષ્ઠ માણસ છો. બાકીના જખ મારે છે. હું બહ્મ છું' તમે માનો કે ના માનો મને શો ફેર પડે ? આટલું બ્રહ્મજ્ઞાન થાય એ માણસ બિન્દાસ અને ખુશખુશાલ રહી શકે, બધાં પ્રશ્નોના જવાબ આસન થઈ જાય. ગોપાલની વાત માનો અને 'અહં બ્રહ્માસ્મિ' બનો એટલે મૌજા હી મૌજા !!

ચૂંટલો : કેટલાક લોકો બાય ડિફોલ્ટ ખુશખુશાલ હોય છે. નાપાસ થાય કે નોકરીમાંથી બરખાસ્ત થાય, કોઈ અપમાન કરે કે કોઈ અવગણે તોય મોજમાં રહે. સ્મશાન હોય કે હોસ્પિટલ એ 'અહં બ્રહ્માસ્મિ' કહીને ત્યાંત અલખ નિરંજન કરે છે. એવાં લોકોને કોણ દુઃખી કરી શકે?